**(1) 'ઓપરેશન શીલ્ડ' (Shield) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ ઓપરેશન દિલ્હી સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

(2) અહીં, SHIELDનું પૂરું નામ Staying Home and Self Isolating & Extensive Local Disinfection છે.

(3) આ ઓપરેશન સમગ્ર દિલ્હીમાં સખત રીતે લાગું પાડવામાં આવશે.

(4) નિશ્ચિત વિસ્તારોમાં ઘરે–ઘરે પરીક્ષણ કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ 9 એપ્રિલના રોજ દિલ્હીના મુખ્યમંત્રી દ્વારા 'ઓપરેશન શીલ્ડ' જાહેર કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ SHIELDનું પૂરું નામ આ મુજબ છે :

S - Sealing
H - Home quarantine
I - Isolation and tracing
E - Essential Supply
L - Local Sanitation and
D - Door-to-Door Checks
(આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ઓપરેશન દિલ્હીના 21 'કન્ટેઈનમેન્ટ ઝોન'માં લાગુ પડશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ 21 ઝોનમાં જરૂરી ચીજ–વસ્તુઓનો યોગ્ય જથ્થો, સેનિટેશન, ઘરે–ઘરે પરીક્ષણ આઈસોલેશન વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) 'ઓઝોન સ્તર' તથા 'ઓઝોન સ્તરના ગાબડાં' (Ozone Hole) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તાજેતરમાં ઉત્તર ધ્રુવ પરના ઓઝોન સ્તરમાં એક મોટું ગાબડું જોવા મળ્યું છે.
(2) ઉત્તર ધ્રુવ પર સામાન્ય રીતે નિયત સમયે આ ભૌગોલિક ઘટના જોવા મળે છે.
(3) આ ગાબડાં માટેનું એક કારણ ઉત્તર ધ્રુવ પાસેનું નીચું તાપમાન છે.
(4) માનવજન્ય ક્લોરીન અને બ્રોમીનયુક્ત રસાયણો ઓઝોન–સ્તરમાં ગાબડાં પડવાની ક્રિયા માટેનું એક અન્ય કારણ છે.

(A) માત્ર (1) અને (4)
(B) આપેલ તમામ
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ છેલ્લાં કેટલાંક દિવસોની આર્કટિક એટલે કે ઉત્તર ધ્રુવ પાસે એક અસામાન્ય ઓઝોન–સ્તરનું ગાબડું જોવા મળ્યું છે. આ ગાબડાંનું કદ ઘણું મોટુ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર આ ઘટના હજુ માનવજીવન માટે ખતરારૂપ નથી પરંતુ જો આ ગાબડું દક્ષિણ તરફ આવે તો માનવજીવનને અસર કરી શકશે.

⇛ ઉત્તર ધ્રુવ માટે આ એક અસામાન્ય ઘટના છે. છેલ્લે વર્ષ 2011માં અહીં આવી ઘટના જોવા મળી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ઉત્તર ધ્રુવ પાસે નીચાં તાપમાનના કારણે એક અસામાન્ય પરંતુ સ્થિર પોલાર વોર્ટેક્ષ (Polar Vortex)નું નિર્માણ થયું છે. આ સાથે માનવ દ્વારા ઉત્સર્જિત થતાં ઓઝોન–વિનાશક રસાયણોના (જેવાં કે ક્લોરિન અને બ્રોમીનના સંયોજનો) કારણે આ ગાબડું જોવા મળી રહ્યું છે. (આથી, વિધાન (3) અને (4) સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) 'Annual Trade Statistics and Outlook Report' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રિપોર્ટ 'વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન' (WTO) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) વિશ્વ વેપારમાં વર્ષ 2008-09ની મંદી કરતાં પણ વધુ અસર આ વર્ષે જોવા મળશે.

(3) વૈશ્વિક વેપારમાં 30 થી 50% જેટલો ઘટાડો જોવા મળશે.

(4) સેવાક્ષેત્રના વેપારને પ્રત્યક્ષ રીતે સૌથી વધુ અસર થશે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (2) અને (4)

(C) માત્ર (1), (2) અને (3) (D) માત્ર (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) દ્વારા 'Annual Trade Statistics and Outlook' રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિપોર્ટના મુખ્ય તારણો નીચે મુજબના છે :

- વિશ્વ વેપારમાં 13 થી 32% જેટલો ઘટાડો જોવા મળશે. (આથી, વિધાન (3) ખોટું છે.)
- વેપારમાં જોવા મળતો ઘટાડો વર્ષ 2008-09ની મંદી દરમિયાન જોવા મળેલાં ઘટાડા કરતાં પણ વધુ હશે. (આથી, વિધાન (2) સાચું છે.)
- ઉત્તર અમેરિકા અને એશિયા વિસ્તારોમાંથી થતી નિકાસને સૌથી વધુ અસર થશે.
- પરિવહન અને મુસાફરીના પ્રતિબંધોને કારણે સેવા ક્ષેત્રને પ્રત્યક્ષ રીતે સૌથી વધુ અસર થશે. (આથી, વિધાન (4) સાચું છે.)
- વર્ષ 2019માં વૈશ્વિક નિકાસમાં ભારતનો ફાળો 1.9% હતો અને આયાતમાં ફાળો 2.5% હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) BCPL (બેંગાલ કેમીકલ્સ & ફાર્માસ્યુટીકલ લિમિટેડ) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એકમાત્ર એવો જાહેર ક્ષેત્રનો એકમ છે કે જે ‘હાઈડ્રોકિસકલોરોક્વિન’નું ઉત્પાદન કરે છે.

(2) તેની સ્થાપના વર્ષ 1901માં કરવામાં આવી હતી.

(3) વર્ષ 1980-81માં તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.

(4) આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાય દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી.

(A) માત્ર (2) અને (4) (B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ BPCL એક માત્ર એવો જાહેર ક્ષેત્રનો એકમ છે કે જે મલેરિયા માટેની ‘હાઈડ્રોકિસકલોરોક્વિન’ દવાનું ઉત્પાદન કરે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તાજેતરમાં BPCLને સરકાર દ્વારા આ દવાના ઉત્પાદન માટેના ઓર્ડર ન મળી રહ્યા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

⇛ BPCLની સ્થાપના મૂળ રીતે, ‘બેંગાલ કેમીકલ & ફાર્માસ્યુટીકલ વર્ક્સ્ લિમિટેડ’ તરીકે 12 એપ્રિલ, 1901માં આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાય દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) અને (4) સાચાં છે.)

⇛ વર્ષ 1980-81માં કેન્દ્ર સરકાર દ્વારા આ કંપનીનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું તથા તેને વર્તમાન નામ 'BPCL' આપવામાં આવ્યું હતું. (આથી વિધાન (3) સાચું છે.)

⇛ આચાર્ય પ્રફુલ્લચંદ્રને ‘ભારતીય રસાયણશાસ્ત્રના પિતા’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) 'કુંડીન્ય વન્યજીવ અભ્યારણ્ય' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે તમિલનાડુંમાં આવેલું છે.
(2) તે ભારતનું એકમાત્ર અભ્યારણ્ય છે કે જયાં ભારતીય કાળાં હાથી જોવા મળે છે.
(3) અહીં નિત્યલીલાં જંગલ જોવા મળે છે.
(4) દક્ષિણ ભારતનું આ સૌથી જૂનું અભ્યારણય છે. તેની સ્થાપના ઈ.સ. 1808માં કરવામાં આવી હતી.

(A) આપેલ પૈકી એક પણ નહીં
(B) આપેલ તમામ
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ 'કુંડીન્ય વન્યજીવ અભ્યારણ્ય' આંધ્રપ્રદેશમાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)
⇛ આંધ્રપ્રદેશનું આ એકમાત્ર અભ્યારણ્ય છે કે જયાં 'એશિયાઈ હાથી' જોવા મળે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)
⇛ અહીં સૂકાં ખરાંઉ જંગલો તથા કાંટાળી વનસ્પતિઓ જોવા મળે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)
⇛ આ અભ્યારણ્યની સ્થાપના વર્ષ 1990માં કરવામાં આવીહ તી. (આથી, વિધાન (4) ખોટું છે.)
⇛ અહીં જોવા મળતી પ્રાણીસૃષ્ટિ : હાથી, રીંછ, દીપડો, ચીત્તલ, ચોશીંગા, સાંબર, શાહુડી, જંગલી બિલાડી વગેરે.
⇛ આ અભ્યારણ્યની મુખ્ય સમસ્યાઓ :

- માનવ–પ્રાણી અથડામણ
- ઢોરને વધુ પડતું ચરાવવું
- ગેરકાયદેસર રીતે લાકડા કાપવાં

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT